MGVCL

**મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ ,**
**સરદાર પટેલ વિદ્યુત ભવન , રેસકોર્સ , વડોદરા –૩૯૦૦૦૭.**

**CIN :U40102GJ2003SGC042907**
ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩ ,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦
ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com
ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com

G20 ભારત 2023 INDIA

## ❖ <u>ખેતી વિષયક વીજ જોડાણો</u>

## ❖ ડાર્ક ઝોન યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ :

રાજ્યમા ડાર્ક ઝોન યોજના અંતર્ગત કૃષિ વિષયક વીજ જોડાણો લેવા ઘણી અરજીઓ પડતર છે. સદર યોજના હેઠળ ગ્રાહકો પાસેથી એચટી / એલટી લાઇન તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર વગેરેની રકમ વસુલવામા આવતી નથી. સદર ખર્ચ વીજ વિતરણ કંપનીઓ ઉઠાવતી હોય છે. રાજય સરકાર દ્વારા, ડાર્ક ઝોન યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓનો નિકાલ લાવવા, વધારે કુવાના વિજળીકરણ કરી શકાય તે માટે થનાર ખર્ચ માટેની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને શેર મૂડી તરીકે નાણાકીય સહાય આપવામાં આવે છે.

૧. સદર યોજના સમગ્ર રાજયમાં આદિજાતિ વિસ્તારો સિવાય તથા ડાર્ક ઝોન વિસ્તારોમા અમલી છે.
૨. સદર યોજના માટે સરકારશ્રી તેમજ વીજ વિતરણ કંપની ધ્વારા નાંણાકીય જોગવાઈ કરવામાં આવી છે.
૩. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ રજીસ્ટ્રેશન ચાજીર્સ ભરી જમીનના જરુરી દસ્તાવેજો સાથે સંલગ્ન વીજ વિતરણ કંપનીની સબડીવીઝન કચેરી ખાતે અરજી કરવાની રહે છે. ત્યારબાદ જીજીઆરસી કચેરી ખાતે આગળની કાર્યવાહી કરાય છે.
૪. સદર યોજના હેઠળ લાઇન ચાર્જીસ, ટ્રાન્સર્ફોમર સેન્ટરના ચાર્જીસ, સર્વીસ કનેકશન ચાર્જીસના બદલે અરજદાર પાસેથી સામાન્ય દરેક ગુજરાત વીજ નિયમન પંચ ધ્વારા નક્કી કરાયેલ ફીકસ ચાર્જીસ વસૂલવામાં આવે છે.
૫. સીકયુરીટી ડીપોઝીટ ગુજરાત વીજ નિયમન પંચના એવોર્ડ મુજબ વસુલ કરવામા આવે છે.
૬. કામગીરી પૂર્ણ થયા બાદ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવાનો હોય છે. બે માસની સમય મર્યાદામા ટેસ્ટ રીપોર્ટ રજૂ ન થાય તો ઓછામા ઓછુ (મીનીમમ) બીલ આકારવામા આવે છે.
૭. ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ ફરજીયાત સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.